# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૫૬ તા. ૭-૨-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ.શાળાઓને જણાવવાનું કે ચાલુ વર્ષે ભારત સરકાર દ્વારા ખાસ ઝુંબેશ હાથ ધરીને સ્વચ્છતા વર્ષ તરીકે ઉજવવામાં આવી રહ્યુ છે.

આ સ્વચ્છતા વર્ષ નિમિત્તે અવારનવાર અત્રેથી પરિપત્ર કરવામાં આવ્યા છે.શાળાદીઠ બાળ સ્વચ્છતા બ્રિગેડની પણ રચના કરવામાં આવેલ છે.તે મુજબ કામગીરી પણ લેવાતી હશે જ.

આ સાથે સર્વે ફોર્મ સામેલ છે.તમારી શાળાના ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ દ્વારા શાળામાં ભણવા આવતા વિદ્યાર્થીઓના ઘરે સ્વચ્છતા અંગે શાં પગલાં લેવામાં આવે છે અથવા તો શી વ્યવસ્થા છે તે અંગેની જાગૃતિ લાવવા માટે સર્વે કરવાનો છે.વિદ્યાર્થીઓની સંખ્યા અને જરૂરિયાત મુજબ વિદ્યાર્થીઓને ઝેરોક્ષ કરીને ફોર્મ આપવાં.આ ફોર્મ વિદ્યાર્થીઓએ પોતાના વાલી પાસે ભરાવવું વાલી અશિક્ષિત હોય તો તેમને પૂછીને ભરવું.આવેલ ફોર્મ શાળા દફતરે રાખવાં,ત્યારબાદ અત્રેથી વોર્ડનું બાળ સ્વચ્છતા સંમેલન બોલાવવામાં આવે ત્યારે કેટલા વિદ્યાર્થીઓએ સર્વે કર્યો તેની માહિતી સાથે લાવવી.આ સંમેલન અંગે સુપરવાઈઝરશ્રી દ્વારા સૂચના આપવામાં આવશે.

આ સર્વેનો સ્પષ્ટ હેતુ છે કે શાળામાં ભણતા વિદ્યાર્થીના કુટુંબોમાં સ્વચ્છતા અંગેની જાગૃતિ આવે તે માટેનો છે તે વિદ્યાર્થીને ખાસ સમજાવવું.

તા.૬-૦૨-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
અમદાવાદ

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,અમદાવાદ

## સ્વચ્છતા જાગૃતિ સર્વેક્ષણ

શાળાનું નામ :..................................................................

વિદ્યાર્થીનું નામ : ..................................................................

વિદ્યાર્થીનું ધોરણ : ..................................................................

સર્વે કરવામાં આવ્યો તે વાલીનું નામ :...............................................................

વાલીનું સરનામું : ..................................................................

વાલીનો સંપર્ક નંબર : ..................................................................

**સર્વેની માહિતી**

(૧) વાલી પ્રતિદિન કચરો વાળે છે ?
(અ) હા (બ) ના

(૨) વાલીના ઘરે કચરો ક્યાં એકઠો થાય છે.?
(અ) કચરાપેટી (બ) ઘરની બહાર

(૩) ઘરે કચરો લેવા ગાડી આવે છે.?
(અ) હા (બ) ના

(૪) ઘરે એકત્ર કરેલ કચરાનો નિકાલ કેવીરીતે કરો છો ?
(અ) અ.મ્યુ.કોર્પો.ની કચરાપેટીમાં (બ) જાહેર માર્ગ પર

(૫) ઘરે પીવાના પાણીની શું વ્યવસ્થા છે ?
(અ) ઘરે નળ છે (બ) ચાલીમાં ભરવા જવું પડે છે.

(૬) ઘરનો ભીનો કચરો ક્યાં નાંખો છો ?
(અ) ઘરની નજીક રોડ પર (બ) ભેગો કરીને બહાર કચરાપેટીમાં

(૭) જાહેર શૌચાલયની વ્યવસ્થા છે ?
(અ) હા (બ) ના

(૮) આ શૌચાલયની સફાઈ નિયમિત થાય છે ?
(અ) હા (બ) ના

(૯) ઘરે સેનિટેશન સુવિધા છે ?
(અ) હા (બ) ના

(૧૦) ઘરે સેનિટેશનમાં નળની વ્યવસ્થા છે ?
(અ) હા (બ) ના

(૧૧) ઘરે સેનિટેશનમાં જોડાણની શું વ્યવસ્થા છે ?
(અ) ખાળકૂવો (બ) ગટર

(૧૨) સેનિટેશન સફાઈ કેટલા દિવસે થાય છે ?
(અ) પ્રતિ દિન (બ) દર ત્રણ દિવસે (ક) ક્યારેક

(૧૩) ઘરની આસપાસ દવાનો છંટકાવ નિયમિતપણે થાય છે ?
(અ) હા (બ) ના

(૧૪) સફાઈ અંગે આપનાં સૂચનો :-
૧) ..................................................................
૨) ..................................................................
૩) ..................................................................

વાલીની સહી

સર્વે કરનાર વિદ્યાર્થીનીનું નામ અને સહી